રાજ્યની બિન સરકારી અનુદાનિત અધ્યાપન મંદિરના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૯/૯૭૭/ન

સચિવાલય, ગાંધીનગર

તા.૧૫/૦૯/૨૦૨૩

વંચાણે લીધાઃ-

(૧) નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૧૯/૪૫/મ

(૨) શિક્ષણ વિભાગના તા.૦૭/૦૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૦૯/૯૭૭/ન

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૧૮/૦૫/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ- પ્રાશિનિ/પીટીસી/જ/ઈ ૪૬/૨૦૨૩

આમુખ

રાજ્યની બિન સરકારી અનુદાનિત અધ્યાપન મંદિરના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૨)ના ઠરાવથી છઠ્ઠા પગારપંચની ભલામણના આધારે પગાર ધોરણ સુધારવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં.૧૬ મુજબ બિન સરકારી અધ્યાપન મંદિરમાં ઉચ્ચતર પગારધોરણની યોજના દાખલ કરવામાં આવેલ હશે તો છઠ્ઠા પગારપંચના અમલ બાદ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અમલમાં મુકવા માટે રાજ્ય સરકારની ફરીવાર મંજૂરી મેળવવાનું ઠરાવવામાં આવેલ હતું. જે અન્વયે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૩) ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની બિન સરકારી અનુદાનિત અધ્યાપન મંદિરના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના અમલ બાદ ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

Scanned with CamScanner

આ હુકમ ઈ-ફાઈલ ક્રમાંક:- ED/OTH/e-file/3/2023/2526/N - Primary Education-2 નાણા વિભાગની તા.૦૫/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ
- સિલેક્ટ ફાઈલ

ક્રમાક/પ્રાશિનિ/પીટીસી/જ/૨૦૨૩/ 8177 – 8216
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં૧૨/૧, ડૉ જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા ૧૮/૦૯/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
તમામ.

ઉક્ત ઠરાવની જાણ તથા અમલ થવા સારૂં

નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ રા ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂં

- આચાર્યશ્રી બિન સરકારી અનુદાનિત અધ્યાપન મંદિર તમામ.

Scanned with CamScanner